---

**રેગ્યુલર દાવા નંબર– ૧૬૫/૨૦૨૧ ના કામે આંક–૨૧૬ હેઠળ હુકમ**

---

**(૧)** આ કામના પ્રતિવાદી નં.૧ દ્વારા હાલની અરજી સી.પી.સી ઓર્ડર ૧૬ રૂલ ૧ (૨), ૧(૩) હેઠળ આપવામાં આવેલી છે અને અરજીમાં દર્શાવેલા કારણોસર સાક્ષીને પુરાવો આપવા માટે કોર્ટ સમક્ષ હાજર રહેવા સમન્સ કરવા વિનંતી કરેલી છે. સદર અરજી દ્વારા પ્રતિવાદી નં. ૧ પોતાના સાક્ષી તરીકે (અ) એમ.એમ.રાજયગુરૂ, (બી) ઈન્કમટક્ષ ઓફીસર શ્રી, ને તપાસવા માટે આ કોર્ટ સમન્સ કરે તેવી માંગણી કરી રહેલા છે.

**(૧.૧)** સદર સાક્ષી પૈકી સાક્ષી એમ.એમ.રાજયગુરૂ ને તપાસવા માટે પ્રતિવાદી નં.૧ પક્ષ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી નં.૧ દ્વારા આંક–૪૧ થી રજુ કરેલા દસ્તાવેજોને આંક આપવા માટે આંક–૧૪૧ થી અરજી આપવામાં આવેલી હતી. જે અરજી નીચે આ કોર્ટ દ્વારા હુકમ કરી સદર દસ્તાવેજોના કન્ટેન્ટસ પુરવાર કરવાની શરતે આંક આપેલા છે. જે પૈકી માર્ક ૪૧/૯ નો દસ્તાવેજ કે જેને આ કોર્ટ દ્વારા કન્ટેન્ટ પુરવાર કરવાની શરતે આંક–૧૬૦ આપેલા છે તે દસ્તાવેજ પુરવાર કરવા માટે સદર સાક્ષીને તપાસવા માંગે છે.

**(૧.૨)** ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ દ્વારા અન્ય સાક્ષી તરીકે ઈન્કમટેક્ષ અધિકારી ને તપાસવા સમન્સ કરવા માંગણી કરેલી છે. જેઓને તપાસવા માટેનું પ્રતિવાદી નં.૧ દ્વારા એવુ કારણ દર્શાવવામાં આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ની અરજી અનુસંધાને મુદા નં.૬એ તરીકે સમય મર્યાદાના બાધનો મુદો ઘડવામાં આવેલો છે. જે મુદા અંગે પુરાવો રજુ

કરવા માટે સદર સાક્ષીને તપાસવા આવશ્યક છે, કારણ કે સદર સાક્ષીની કચેરી દ્રારા વાદગ્રસ્ત બાંધકામ અન્વયે પ્રતિવાદી નં.૧ ને ઈન્કમ એસેસમેન્ટ અંગે નોટીસ આપવામાં આવેલ અને જે નોટીસ અન્વયે પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ સદર સાક્ષીની કચેરી દ્રારા પ્રોસીડીંગ થયેલા હતા. તે પ્રોસીડીંગમાં પણ પ્રતિવાદી નં.૧ નું વાદગ્રસ્ત બાંધકામ કયારે થયેલ, તેમજ આ વાદગ્રસ્ત બાંધકામ અંગે પ્રતિવાદી નં.૧ નાએ પોતાની જે તે વર્ષની ઈન્કમ તથા કરેલ ખર્ચ વગેરેની વિગત અંગે પુરાવો રજુ કરેલો હતો. જેથી મુદા નં.૬એ પુરવાર કરવા માટે સદર સાક્ષીને તપાસવા સુસંગત છે.

(૧.૩) પ્રતિવાદી નં.૧ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવેલી છે કે, સદર સાક્ષીઓના નામનો ઉલ્લેખ તેઓ દ્રારા આંક–૭૧ થી રજુ કરવામાં આવેલા સાક્ષી લીસ્ટમાં નહી કરી શકવા પાછળનું કારણ એવુ છે કે, આંક–૭૧ થી સાક્ષી લીસ્ટ રજુ કર્યા બાદ આંક–૧૪૧ નીચેના હુકમ મુજબ માર્ક ૪૧/૯ ના દસ્તાવેજને કન્ટેન્ટસ પુરવાર કરવાની શરતે આંક આપવામાં આવેલા હોય સાક્ષી લીસ્ટ રજુ કર્યાના તબકકા બાદના બદલાયેલા સંજોગોના કારણે સાક્ષી એમ.એમ.રાજયગુરૂનું નામ સાક્ષી લીસ્ટમાં દર્શાવી શકેલા નહી. જયારે અન્ય સાહેદ ઈન્કમટેક્ષ અધિકારીશ્રીનું નામ સાક્ષી લીસ્ટમાં નહી દર્શાવવા પાછળ પ્રતિવાદી નં.૧ દ્રારા એવુ કારણ દર્શાવવામાં આવેલ છે કે, તેઓ વિરૂધ્ધ થયેલા ઈન્કમટેક્ષ અંગેના દસ્તાવેજો મીસ પ્લેસ થયેલા હોય અને પ્રયત્નો કરવા થતા ટ્રેસઆઉટ થયેલા ન હોય તે દસ્તાવેજો અંગેના સાક્ષીનું નામ આંક–૭૧ ના લીસ્ટમાં દર્શાવેલ નહી. તેઓ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ વકીલ છે તેટલા માત્રથી તેઓને પનીસ કરી શકાય નહી કારણ કે બીયોન્ડ કન્ટ્રોલ સર્કમન્સ્ટાન્સીસ દરેક વ્યકિતને બાધાકારક હોય છે. આમ, મુદા નં.૬એ પુરવાર કરવા માટે સદર સાક્ષીને તપાસવા આવશ્યક છે અને સદર સાક્ષીને તપાસવામાં

આવશે ત્યારે તેઓની ઉલટ તપાસ કરવા વાદીને તક રહેલી છે, જેથી વાદીને પ્રેજ્યુડાઈસ થાય તેમ નથી.

પ્રતિવાદી નં.૧ દ્રારા પોતાની હાલની અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે,

(1) Ashok Sharma Vs Ram Adhar Sharma 2009 SCCR 195
(2) BHEL Vs Ineos Styrolution Ltd. 2019 LAW SUIT 757
(3) Dharmendrakumar Maganbhai Parmar Vs.Pushapaben Bharmendrakumar Parmar 2021 (3) GLR 2011
(4) Sugandhi Vs.P.Rajkumar AIR 2020 SC 5486

(૨) પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી બાબતે વાદી પક્ષ દ્રારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા આંક-૭૧ થી જે સાક્ષી લીસ્ટ આપવામાં આવેલ છે, તે લીસ્ટમાં હાલના સાક્ષીઓને દર્શાવેલા નથી. તેઓ દ્રારા વધુમાં રજુઆત છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ અગાઉ પણ સાક્ષી તપાસવા અરજી આપેલી હતી તે અરજીઓમાં હાલના સાક્ષીને તપાસવા કોઈ માંગણી કરેલી હતી નહી, અને પ્રતિવાદી પક્ષ માત્ર કેસ લંબાવવા  માટે અરજીઓ કરી રહેલા છે. વાદી પક્ષ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ એ હાલની અરજીમાં સદર સાક્ષીઓને અગાઉ રજુ કરેલા સાક્ષી લીસ્ટમાં શા માટે દર્શાવેલા ન હતા તે અંગે કોઈ પુરતુ કારણ દર્શાવેલા નથી. તેઓ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી પક્ષ દ્રારા જયારે માર્ક ૪૧/૯ નો દસ્તાવેજો રજુ કરવામાં આવ્યો ત્યારે તેઓ સદર દસ્તાવેજ પુરવાર કરવાનો બોજો તેમના પર છે અને તે દસ્તાવેજ કેવી રીતે પુરવાર કરાય તે વકીલ હોવા છતા જાણતા ન હતા તેવુ કહી શકાય નહી. જેથી આંક-૧૪૧ ના હુકમ બાદ સંજોગો

બદલાયેલા છે તેવુ કહી શકાય નહી. તેઓ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ઈન્કમટેક્ષ અંગેના જે પ્રકરણની વાત કરે છે તે તેવા કોઈ પ્રકરણ અંગે પોતાના પ્લીડીંગમાં કોઈ ઉલ્લેખ કરેલો નથી કે તેવા કોઈ દસ્તાવેજો હાલની અરજી રજુ કર્યા સુધી રજુ પણ કરેલા નથી કે આવા કોઈ દસ્તાવેજોનું અસ્તીત્વ હોવાનું જાહેર કરેલ નથી. જેથી જો આવા દસ્તાવેજો અંગેના સાક્ષીને બોલાવવામાં આવે તો તે વાદીને પ્રેઝયુડાઈસ કરે છે. તેઓ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, દાવાની ટ્રાયલ શરૂ થતા સમયે પ્રતિવાદી નં.૧ દ્રારાજ આંક–૬૪ થી વાદી પક્ષ જે સાક્ષી તપાસવા માંગે છે તેનું લીસ્ટ જાહેર કરે તેવી માંગણી કરવામાં આવેલી હતી. જે આધારે વાદી એ સાક્ષી લીસ્ટ રજુ કરેલા છે, અને બાદમાં વાદીની માંગણી પરથી પ્રતિવાદીઓએ પણ સાક્ષી લીસ્ટ જાહેર કરેલ છે. જેથી પ્રતિવાદી પક્ષ સંપુર્ણ માહીતગાર છે કે, પોતાના કેસના બચાવ માટે ટ્રાયલ શરૂ થાય તે પહેલા સાક્ષી લીસ્ટ આપવુ અનિવાર્ય છે. તેઓ દ્રારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, કોઈ વ્યકિત પોતાના વિરૂઘ્ધ ઈન્કમટેક્ષ વિભાગ દ્રારા કરવામાં આવેલી કાર્યવાહી ભુલી જઈ શકે નહી. તે સિવાય આવા દસ્તાવેજો જો દાવા જવાબ સમયે મળી આવેલા ન હોય તો તે દસ્તાવેજોની નકલ મેળવવા જરૂરી પગલા લઈ શકે કે ટ્રાયલ શરૂ થાય ત્યારે પણ જાહેર કરી શકે કે તેવા દસ્તાવેજોનું અસ્તીત્વી છે પરંતુ હાલના સમયે મળી આવેલા ન હોવાથી બાદમાં રજુ કરશે. જો તેમ થયેલ હોય તો વાદી પક્ષને તે મુજબ પુરાવો રજુ કરવાની તક રહે. પરંતુ ટ્રાયલની શરૂઆત વખતે જે દસ્તાવેજો અને સાક્ષી જાહેર કરવામાં આવેલા નથી તેવા સાક્ષી અને દસ્તાવેજો રજુ કરવા પાછળથી પરવાનગી આપવામાં આવે તો, વાદી પક્ષને પ્રેઝયુડાઈસ થાય તેમ છે.

(૩) પક્ષકારોની તમામ રજુઆત ધ્યાને લેતા તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ જે સાક્ષીને સમન્સ કરવા માટે હાલની અરજી

આપેલી છે, તે સાક્ષીને પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા તેમના આંક–૭૧ ના સાક્ષી લીસ્ટમાં દાવાની ટ્રાયલની શરૂઆતથી દર્શાવવામાં આવેલા નથી. જેથી પ્રતિવાદી નં.૧ અધિકારની રૂએ આવા સાક્ષી તપાસી શકે તેમ નથી. કાયદાના સ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ પક્ષકાર દ્રારા પોતાના સાક્ષી લીસ્ટમાં કોઈ સાક્ષી દર્શાવેલા ન હોય તેટલા માત્રથી તે પક્ષકાર સદર સાક્ષી ભવિષ્યમાં કયારે પણ તપાસી શકે નહી તેવો કાયદામાં કોઈ સ્પષ્ટ બાધ નથી. પરંતુ જો કોઈ પક્ષકાર પોતાના સાક્ષી લીસ્ટમાં દર્શાવેલા ન હોય તેવા સાક્ષીને તપાસવા માટે કોર્ટ સમન્સ કરે તેવુ ઈચ્છતી હોય તો તેવા કિસ્સામાં આવા પક્ષકારે સી.પી.સી ઓર્ડર ૧૬ રૂ.૧ (૩) અંતર્ગત કોર્ટ પાસેથી આવા સાક્ષીને તપાસવા પરવાનગી મેળવવાની રહે છે, અને કોર્ટ ને જો એમ લાગે કે સદર પક્ષકાર પાસે આવા સાક્ષીનુ નામ સાક્ષી લીસ્ટમાં નહી દર્શાવવાનું પુરતુ કારણ હતુ તો આવા સાક્ષીને તપાસવા પરવાનગી આપી શકે (Court may).

(૩.૧) હાલના કેસમાં જોવામાં આવેતો, પ્રતિવાદી નં.૧ ની દલીલ છે કે, કોર્ટ દ્રારા આંક–૧૪૧ ની અરજી નીચે કરેલા હુકમ મુજબ માર્ક ૪૧/૯ ના દસ્તાવેજના કન્ટેન્ટ પુરવાર કરવાની શરતે આંક આપવામાં આવેલા હોય સદર સાક્ષી શ્રી રાજયગુરૂને તપાસવા આવશ્યક છે અને આંક–૭૧ નું સાક્ષી લીસ્ટ રજુ કર્યા બાદ આંક–૧૪૧ નો હુકમ થયેલો હોય બદલાયેલા સંજોગોના કારણે સાક્ષી શ્રી રાજયગુરૂને તપાસવા આવશ્યક છે. આ અંગે વિચાર કરવામાં આવેતો, આ કામે તમામ મુદાઓ ઘડવામાં આવ્યા બાદજ પ્રતિવાદી પક્ષ આંક–૪૧ નું દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવેલ છે અને ત્યાર બાદજ આંક–૭૧ થી પોતે તપાસવા માંગે છે તે સાક્ષીઓનું લીસ્ટ રજુ કરવામાં આવેલ છે. એટલે કે, મુદા ઘડાયા ત્યારથીજ પ્રતિવાદી પક્ષ જાણે છે કે કયો મુદો પુરવાર કરવાનો બોજો કોના પર છે. તેમજ તેવી જાણ થયા બાદજ

પ્રતિવાદી નં.૧ દ્વારા પોતાના પર જે મુદાઓ પુરવાર કરવાનો બોજો છે તે અંગે આંક–૪૧ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને આંક–૭૧ થી પોતે જે સાક્ષી તપાસવા માંગે છે તેનું લીસ્ટ જાહેર કરેલ છે. તે સીવાય આ કામના પ્રતિવાદી નં.૧ સ્વયંમ એક સીનીયર વકીલશ્રી છે ત્યારે તેઓ તેમના પર કયા મુદા પુરવાર કરવાનો બોજો છે તે જાણતા ન હોય કે પોતે રજુ કરેલા આંક–૪૧ ના દસ્તાવેજો કેવી રીતે પુરવાર થાય કે આવા દસ્તાવેજો પુરવાર કરવા માટે કયા સાક્ષીઓ તપાસવા આવશ્યક છે તે જાણતા ન હોય તેવુ કહી શકાય નહી. જેથી આંક–૧૪૧ ના હુકમ બાદ સંજોગો બદલાયેલા છે તેમ કહી શકાય નહી, કારણ કે પ્રતિવાદી નં.૧ મુદા ઘડાયા બાદથીજ જાણે છે કે શું પુરવાર કરવાનું છે. તેમજ તે પુરવાર કરવા તેઓએ રજુ કરેલા દસ્તાવેજો કેવી રીતે કાયદા મુજબ પુરવાર કરી શકાય. આવા સંજોગોમાં પ્રતિવાદી નં.૧ માર્ક ૪૧/૯ ના દસ્તાવેજ પુરવાર કરવા માટે સદર સાક્ષી રાજયગુરૂને શરૂઆતથી પોતાના સાક્ષી લીસ્ટમાં દર્શાવી શકેલા હોત, પરંતુ તેમ કરેલ નથી. તેમજ કયા પુરતા કારણથી તેમ કરેલ નથી તે અંગે કોઈ સંતોષકારક કારણ દર્શાવેલ નથી. પ્રતિવાદી પક્ષની દલીલ છે કે, પ્રક્રિયાત્મક કાયદો ન્યાય કરવામાં બાધારૂપ હોઈ શકે નહી. જે દલીલ મહદ અંશે માનવા યોગ્ય છે, પરંતુ એવુ પણ નથી કે જયારે પ્રક્રિયાત્મક કાયદામાં કોઈ કાર્ય કરવા માટે નિયત તબકકો આપવામાં આવેલો હોય તે નિયત તબકકે તે કાર્ય ન થાય તો પણ પુરતા કારણો સિવાય તે કાર્ય કરવા કોઈ પણ તબકકે પરવાનગી આપવામાં આવે. પ્રક્રિયાત્મક કાયદામાં ચોકકસ પ્રક્રિયાઓનો જે ક્રમ આપવામાં આવેલો છે તે ક્રમ સામાપક્ષકારને કોઈ પ્રેઝયુડાઈસ ન થાય તે ધ્યાને લઈને નિયત કરવામાં આવેલો છે. જેથી પુરતા અને વાજબી કારણ સિવાય પ્રક્રિયાત્મક કાયદાની જોગવાઈને નજરઅંદાજ કરીને મનસુફી પ્રમાણે વર્તિવાનો આ કોર્ટએ અધિકાર નથી. વધુમાં પ્રક્રિયાત્મક કાયદાએ સ્વંયએ કોઈ ચોકકસ સ્ટેજ પર નિયત કરેલ કાર્ય ન થાય તો કોર્ટ પરવાનગીથી પાછળના સ્ટેજે તે કાર્ય કરવાની યથા જરૂરી

જગ્યાઓએ જોગવાઈ કરેલીજ છે. તેમજ તે પાછળના સ્ટેજે મંજુરી આપતા સમયે કોર્ટે કઈ બાબત ધ્યાને લેવી તે અંગે પણ સ્પષ્ટતા કરેલી છે. હાથ પરના કેસમાં પણ કાયદો ઘડનારે સી.પી.સી. ઓર્ડર ૧૬ રૂલ ૧(૩) માં તે માટેની જોગવાઈ કરેલી છે, પરંતુ સાથે રાઈડર રાખેલ છે કે, જો યોગ્ય તબકકે સાક્ષી લીસ્ટમાં નામ નહી દર્શાવવાનું પુરતુ કારણ પક્ષકાર દર્શાવી શકે તો કોર્ટ મંજુરી આપી શકે. પરંતુ હાલના કેસમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદી નં.૧ પક્ષ સ્વંય વકીલ છે, તેઓ ટ્રાયલ શરૂ થતા પહેલા સાક્ષી લીસ્ટ રજુ થવા જોઈએ તેટલા જાગૃત છે અને તે જાગૃતિ મુજબ વાદી પક્ષ પાસેથી સાક્ષી લીસ્ટની આંક-૬૪ મુજબ માંગણી કરી રહેલા છે, ત્યારે તેઓની પણ ફરજ છે કે, પોતાન સાક્ષી લીસ્ટમાં જે તે તબકકે પોતાના સાક્ષી યોગ્ય રીતે જાહેર કરે કે જેથી વાદી પક્ષ તે મુજબ પોતાનો પુરાવો રજુ કરી શકે અને પ્રતિવાદી પક્ષના સાક્ષીઓની ઉલટ તપાસ સમયે પણ હવે પછી કોઈ સાક્ષી આવનાર છે તે ધ્યાને લઈ ઉલટ કરે. જો પક્ષકાર દ્રારા યોગ્ય તબકકે સાક્ષી લીસ્ટમાં પોતે તપાસવા માંગતા તમામ સાક્ષી જાહેર કરવામાં ન આવે અને બાદમાં સામાપક્ષનો તમામ પુરાવો પુરો થયા બાદ સાક્ષી લીસ્ટમાં ન હોય તેવા નવા નવા સાક્ષી પુરતા કારણો દર્શાવ્યા સિવાય રજુ કરવામાં આવે તો તેનાથી વાદી પક્ષને પ્રેઝયેડાઈસ થાય તેમ છે.

(૩.૨) ત્યાર બાદ ઈન્કમટેક્ષ અંગેના સાક્ષી અંગે વિચાર કરવામાં આવેતો, તે સાક્ષીનું નામ પણ પ્રતિવાદી પક્ષ દ્રારા આંક-૭૧ ના લીસ્ટમાં દર્શાવેલ નથી. તેમજ નહી દર્શાવવાનું કોઈ પુરતુ કારણ પણ દર્શાવેલ નથી.વધુમાં પ્રતિવાદી નં.૧ જે ઈન્કમટેક્ષના પ્રકરણની વાત કરે છે, તેવા પ્રકરણ અંગે પોતાની દાવા અરજીમાં કોઈ પ્લીડીંગ કરેલ નથી, પોતાના પુરાવામાં કોઈ ઉલ્લેખ કરેલો નથી, તેમજ વાદી પક્ષ દ્રારા બાંધકામ અંગેના અન્ય કોઈ દસ્તાવેજો નું અસ્તીત્વી છે કે કેમ તેવો પ્રતિવાદી નં.૧ ની

ઉલટમાં સ્પષ્ટ સવાલ કરતા પ્રતિવાદી નં.૧ એ ઈન્કાર કરેલો છે. આમ, પ્લીડીંગ સિવાયની બાબતોના અને દાવાની વિષય વસ્તુ ના નિર્ણય માટે સીધો સંબંધ ધરાવતા ન હોય તેવા દસ્તાવેજો અંગે સાક્ષી તપાસી શકાય તેમ નથી. વધુમાં જે ઈન્કમટેક્ષના પ્રકરણનો દાવા અરજીમાં, પુરાવામાં કોઈ ઉલ્લેખ નથી, તે દાવાનો નિર્ણય કરવા માટેના નિર્ણાયક દસ્તાવેજો નથી તેવા દસ્તાવેજો અંગે સાક્ષીને બોલાવવા એ ન્યાયની પ્રક્રિયાના દુરઉપયોગ સમાન છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ પક્ષ જે ચુકાદાઓ પર આધાર રાખે છે તે ચુકાદાઓ પૈકી નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા **BHEL Vs Ineos Styrolution Ltd. 2019 LAW SUIT 757** નો કેસ વંચાણે લેવામાં આવેતો, તે ચુકાદામાં નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત સમક્ષ કોમર્શીયલ કોર્ટ, વડોદરાનો જે હુકમ ચેલેન્જ થયેલો હતો તે અરજીમાં વાદી પક્ષ દ્વારા પોતાના સાક્ષી લીસ્ટમાં જે સાક્ષીને દર્શાવેલા હતા તે સાક્ષી તપાસવનો કોમર્શીયલ કોર્ટે ઈન્કાર કરેલો હતો, જેની નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતે સી.પી.સી ઓર્ડર ૧૬, રૂલ ૧ ની જોગવાઈ ધ્યાને લઈ અયોગ્ય ઠરાવેલ છે અને ચુકાદાના પારા–૧૬ માં દર્શાવેલા સિધ્ધાંતો ઠરાવેલા છે. તે સિવાય તે કેસમાં વાદી પક્ષ જે દસ્તાવેજો રજુ કરવા સાક્ષી ને બોલાવવા માંગતા હતા તે દસ્તાવેજો એવા પ્રકારના દસ્તાવેજો હતા કે જે દસ્તાવેજો સદર તે સાક્ષી સિવાય રજુ થઈ શકે નહી. પરંતુ હાલના કેસમાં જોવામાં આવેતો, વાદીએ સદર સાક્ષીઓના નામ તેઓએ રજુ કરેલા આંક–૭૧ ના સાક્ષી લીસ્ટમાં જણાવેલા ન હોય, વાદી પક્ષ ના કેસને સી.પી.સી ઓર્ડર ૧૬ રૂલ.૧ ની જોગવાઈ મુજબ અધિકારની રૂએ સાક્ષી તપાસવાનો અધિકાર નથી. પરંતુ ઓર્ડર ૧૬ રૂલ ૧(૩) મુજબ અગાઉના સાક્ષી લીસ્ટમાં સાક્ષી તરીકે ન દર્શાવવાનું પુરતુ કારણ દર્શાવે તોજ કોર્ટ પરવાનગીથી સાક્ષી તપાસી શકે તેમ છે. વધુમાં પ્રતિવાદી પક્ષ જે દસ્તાવેજોની વાત કરે છે કે, તે દસ્તાવેજોની નકલ પ્રતિવાદી નં.૧ પાસે સ્વયંમ

ઉપ્લબ્ધ હતી જે ઘ્યાને લેતા પણ પ્રતિવાદી નં.૧ દ્રારા રજુ **Ashok Sharma Vs Ram Adhar Sharma 2009 SCCR 195** નો ચુકાદો લાગુ કરી શકાય તેમ નથી. ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ આધાર રાખવામાં આવેલ **Sugandhi Vs.P.Rajkumar AIR 2020 SC 5486** નો ચુકાદો પણ હાલના કેસને લાગુ કરી શકાય તેમ નથી, કારણ કે તે સી.પી.સી ઓર્ડર ૮ રૂલ ૧એ ની જોગવાઈ અંગે છે, જયારે હાલની અરજી સી.પી.સી ઓર્ડર ૧૬, રૂ.૧ (૩) અંતર્ગતની છે. તે સિવાય વધુમાં પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના સદર કેસમાં પ્રતિવાદી એ યોગ્ય સમયે દસ્તાવેજો રજુ નહી કરવાનું કારણ એવુ હતુ કે તે દસ્તાવેજો જે તે સમયે મીસ પ્લેસ થયેલા હતા અને મળી આવેલા ન હતા, અને તે કારણને નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા યોગ્ય કારણ માનવામાં આવેલ છે. જેથી હાલના કેસમાં પણ પ્રતિવાદીને દસ્તાવેજો મળી આવેલા ન હતા તે કારણ યોગ્ય અને પુરતુ કારણ કહી શકાય. આ અંગે વિચાર કરવામાં આવેતો, કોઈ એક ચોકકસ કેસમાં દસ્તાવેજો યોગ્ય સમયે મળી આવેલા નહી તે કારણને નામદારા સર્વોચ્ચ અદાલત દ્રારા યોગ્ય કારણ માનવામાં આવેલ હોય તો તે કારણ દરેક કેસમાં યોગ્ય કારણ છે તેવુ કહી શકાય નહી, કારણ કે દરેક કેસની ફેકટ અલગ અલગ હોય છે, ને દસ્તાવેજો મળી આવે નહી તેવુ કારણ દરેક કેસના પોતાના સંજોગો પ્રમાણે મુલ્યાંકન કરવાનું હોય છે. સર્વ પ્રર્થમ તો આવા દસ્તાવેજો ખોવાઈ ગયેલા હતા અને ખરેખર પુરતી કાળજી લેવા છતા મળી આવેલા ન હતા તેવી ફેકટ પુરવાર થવી જોઈએ, ત્યાર બાદ તે કારણ વાજબી અને પુરતુ કહી શકાય છે. હાલના કેસમાં જોવામાં આવેતો, સદર દસ્તાવેજો દલીલ ખાતર જવાબ રજુ કરતા સમયે મળી આવેલા ન હોય તો પણ પ્રતિવાદી પક્ષ આઈ.ટી ડીપાર્ટમેન્ટ પાસેથી પોતાના પ્રકરણનો દસ્તાવેજોની નકલો મેળવીને રજુ કરવાનો વિકલ્પ હતોજ. પરંતુ પ્રતિવાદી પક્ષે તેવા દસ્તવોજો મેળવવાનો કોઈ પ્રયત્ન કરેલો નથી. જે તમામ ઘ્યાને લેતા પ્રતિવાદી

પક્ષને નામદાર સર્વોચ્ચ અદાલત ના ઉપરોકત ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી. ઉપરોકત ચુકાદાના સિધ્ધાંત હાલના કેસને લાગુ કરી શકાય તેમ નથી. તે સીવાય પ્રતિવાદી પક્ષ દ્રારા રજુ થયેલ જજમેન્ટ ની ફેકટ હાલના કેસ સાથે કોઈ સામ્યતા ધરાવતી ન હોય તે લાગુ કરી શકાય તેમ નથી. જે ધ્યાને લેતા હાલની અરજી મંજુર કરવા કોઈ પુરતા અને વાજબી કારણો ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

હાલની અરજી નામંજુર કરવામાં આવે છે પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી બીન જરૂરી, પુરતા કારણો સિવાયની અને કોર્ટનો સમય વ્યય કરતી હોય **પ્રતિવાદી નં.૧ એ રૂ.૨૦૦૦/- ડી.એલ.એસ.એ. જુનાગઢમાં દિન-૩ માં જમા કરાવવા** તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૨૫ મી માર્ચ ૨૦૨૨** ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તારીખ:- ૨૫/૦૩/૨૨
સ્થળ :- જુનાગઢ

**(મિહિરદેવસિંહ ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯